**ફોજદારી કેસ નં. ૯૭/૨૦૧૮**

**<u>આંક– ૨૩ ની સમાધાન પરવાનગી અરજી લગત હુકમ</u>**

(૧) હાલની સમાધાન પરવાનગી અરજી આરોપી અને મુળ ફરીયાદી ધ્વારા ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ માટે સમાધાન કરવા પરવાનગી મેળવવા માટે દાખલ કરવામાં આવેલી છે. અરજી અન્વયે આરોપીના વિ.વ.શ્રી ની રજુઆતો સાંભળી. અરજી અનુસંધાને ફરીયાદીને તેમજ વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો સાંભળી. આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ગઈ તા. ૧૧/૦૨/૨૦૧૭ ના પહેલા કોઈપણ સમયે મોજે–પીપળી, તા. ધોલેરા ખાતે ફરીયાદી ને સ્વરક્ષણ હથિયાર પરવાનો અપાવવા સારૂ ફરીયાદી પાસેથી રોકડા રૂ. ૩,૫૦,૦૦૦/– મેળવી અધિક સચીવશ્રી એમ.એસ.ડાંગુર(આઈ.એમ.એસ.) ગુજરાત રાજય, ગાંધીનગર નાઓની ખોટી સહી વાળો ક્ર માંક હુકમ નંબર ૧૧૭૮/૧૭, તા.૧૦/૦૨/૨૦૧૭, વાળો ખોટો અને બનાવટી હુકમ બનાવી તેનો સાચા તરીકે ફરીયાદીના મોબાઈલ ઉપર વોટસઅપ માં પી.ડી.એફ. મોકલી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા આઈ.ટી. એકટ ની કલમ ૬૬(સી) મુજબ નો ગુનો આચરેલ હોવાનું ચાર્જશીટ દાખલ થયેલ છે. આમ, આરોપી સામે આક્ષેપાયેલ ગુના માં ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવેલા છે અને રજુ થયેલ ચાર્જશીટ ની વિગતો અને રજુ થયેલ પુરાવા મુજબ ફરીયાદી ની સાથે સાથે અધિક સચિવશ્રી, આઈ.એમ.એસ., ગુજરાત રાજય, ગાંધીનગર નાઓની ખોટી સહી વાળો પત્ર બનાવટી ઉભો કરેલ હોવાનો સ્પષ્ટ આક્ષેપ છે. આ કામે સરકારશ્રી ધ્વારા આરોપી સાથે આક્ષેપીત ગુનામાં સમાધાન કરવામાં આવેલ હોય તેવો કોઈ પત્ર રજુ કરવામાં આવેલો નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ અપવાદરૂપ સંજોગો સીવાય ફોજદારી કાર્યવાહી કરવા માટેની ફરીયાદ કોઈપણ દાખલ કરી શકે છે, ભલે પછી તે વ્યકિત વ્યથીત હોય કે ન હોય. આ કામે ફરીયાદીએ વ્યથીત તરીકે ફરીયાદ દાખલ કરેલી છે પરંતુ ગુનાના કામે જોવામાં આવે તો અધિક સચિવશ્રી, આઈ.એમ.એસ., ગુજરાત રાજય, ગાંધીનગર નાઓની ખોટી સહી વાળો પત્ર બનાવટી ઉભો કરેલ હોવાનો સ્પષ્ટ આક્ષેપ છે. આવા સંજોગોમાં ફરીયાદી કે જેઓ એકમાત્ર ભોગ બનાનાર ન હોવાના કારણે તેઓને કેસ ના તમામ પાસાઓ માટે સમાધાન કરવા માટે પરવાનગી આપવામાં આવશે તો કાયદાનો હેતુ માર્યો જશે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદી અને આરોપી ધ્વારા દાખલ કરવામાં આવેલ હાલની પરવાનગી અરજી મંજુર થવા પાત્ર ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

**(૧)** ફરીયાદી અને આરોપી ધ્વારા દાખલ કરવામાં આવેલ હાલની પરવાનગી અરજી ના–મંજુર યાને રદ્દ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩/૦૯/૨૦૨૫ (પી.એન.લાખાણી)
સ્થળ: ધોલેરા જયુડી.મેજી.ફ.ક., ધોલેરા
જી.જે.૦૧૫૬૫